SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# બારમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કલાપરખ

*ડૉ. ચંદ્રિકા કે ભાગોરા*

***સારાંશ :*** ***શાળા એ સમાજનું અંગ છે. દેશના ભાવિ નાગરિકોનો મહત્વનો વિકાસ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં અંબાસણા રચિત કલાપરખ કસોટીનો ઉપયોગ કરીને ઉચ્ચતર માધ્યમિક શાળાના બારમાં ધોરણના વિદ્યાર્થીઓ (કુમાર-કન્યાઓ) ની જાતિયતા પર અસર જાણવામાં આવી હતી. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ૫૦ ગુણની અને ૫૦ ચિત્રોની જોડવાળી પ્રમાણિત કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કલાપરખના માપન માટે પરીક્ષાના ગુણને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. યોગ્ય અંકશાસ્ત્રીય પ્રયુક્તિ વડે માહિતી પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત પરિણામો આ પ્રમાણે હતા. (૧) બારમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.***

***ચાવીરૂપ શબ્દો : શાળા, બાળક, સંશોધન, વિશ્વ, કલા, વિદ્યાર્થી, કસોટી***

## પ્રસ્તાવના

આધુનિક યુગમાં બાળકો પોતાના વિશે શું વિચારે છે ? કેવું વિચારે છે? તે જાણવું અત્યંત જરૂરી છે. આવા બાળકો જ્યારે પોતાનો આત્મવિશ્વાસ ગુમાવે છે ત્યારે તે નાસીપાસ થઇ જાય છે એટલે એકવીસમી સદીમાં બાળકો પોતાના વિશે નબળું ન વિચારે તે માટે ખૂબ જ પ્રયત્નો કરવામાં આવે છે. દરેક બાળકમાં કોઈને કોઈ શક્તિ છુપાયેલી હોય છે. બાળકોમાં રહેલી આવી શક્તિને બહાર લાવવા માટે વિવિધ સંશોધનો હાથ ધરવામાં આવે છે. આવા સંશોધનોથી બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય છે, તેમજ તેની અંદર પડેલી કલાને પારખી તેને પ્રોત્સાહિત કરી જીવનના શિખરો સર કરાવી શકાય.

## અભ્યાસના હેતુઓ

૧. વિદ્યાર્થીઓની કલાપરખ જાણવી.

૨. વિદ્યાર્થીઓની કલાપરખ પર જાતિયતાની અસર જાણવી.

## અભ્યાસની ઉત્કલ્પના

બારમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## અભ્યાસના ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતિયતા જેની બે કક્ષાઓ (૧) કન્યા અને (૨) કુમારો હતા. પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે કલાપરખ પરના પ્રાપ્તાંકો હતા.


*ડૉ. ચંદ્રિકા કે ભાગોરા, એમ.એ., એમ.એડ., પીએચ.ડી., નેટ, સ્લેટ (શિક્ષણ), આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એચ. એન. શુક્લા કોલેજ ઓફ એજ્યુકેશન, રાજકોટ*

**<u>સંશોધનનું ક્ષેત્ર</u>**

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓમાં રહેલ કલાને ઓળખવાની શક્તિનો અભ્યાસ કરવાનો હતો. આથી કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'માન અને મૂલ્યાંકન' નું હતું.

**<u>સંશોધનનો પ્રકાર</u>**

પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક સંશોધન તથા સંખ્યાત્મક પ્રકારનું હતું.

**<u>વ્યાપવિશ્વ</u>**

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ વર્ષ ૨૦૧૭-૧૮ ની રાજકોટ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બારમાં ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હતા. શાળાઓમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી હતું.

**<u>નમૂના પસંદગી</u>**

વ્યાપવિશ્વમાં અનુદાનિત શાળાના કુમારો અને કન્યાઓ પસંદ કરવામાં આવ્યા હતા. પસંદ થયેલી શાળાઓમાંથી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવેલ જેમાં ૧૫૧ કુમારો અને ૧૫૧ કન્યાઓ હતી. કુલ મળીને ૩૦૨ વિદ્યાર્થીઓનો નમૂનો પસંદ કરવામાં આવેલ હતો.

**<u>સંશોધન પદ્ધતિ</u>**

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની કલાપરખ પર જાતિયતાની અસર જાણવાની હોવાથી પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યો હતો. નમૂનાના પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. તેથી સંશોધક દ્વારા વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ પસંદ કરવામાં આવી હતી.

**<u>ઉપકરણ</u>**

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે અનિલ અંબાસણા રચિત કલાપરખ કસોટી લેવામાં આવી હતી. કસોટીની વિશ્વસનીયતા ત્રણ પ્રકારો શોધી હતી. (૧) અર્ધ વિચ્છેદન વિશ્વસનીયતા r=0.69, n=100 (૨) કસોટી-પુન:કસોટી વિશ્વનીયતા r=0.75, n=70 અને (3) તાર્કિક સમાનતા r=0.66, n=100.

સો ચિત્રોની જોડવાળી પૂર્વકસોટીનું પૂર્વેક્ષણ કરતા પહેલા ૨૫ કલાના તજજ્ઞોને કસોટી બતાવવામાં આવી હતી. તેઓની દ્રષ્ટિએ જોડનું જે ચિત્ર કલાત્મક હતું તે અનુસાર ગુણાંકન ચાવી તૈયાર કરવામાં આવી હતી. પૂર્વેક્ષણ ૫૬૧ વિદ્યાર્થીઓના નમૂના પર કરવામાં આવેલું. કલમ પૃથ્થકરણના પરિણામને આધારે ૫૦ ચિત્રોની જોડ પસંદ કરવામાં આવેલી જે પૈકી ૩૦ જોડ પરંપરાગત વિષયવસ્તુ આધારિત અને ૨૦ જોડ બિનપરંપરાગત વિષયવસ્તુ અમૂર્ત વિષયવસ્તુ આધારિત હતી .

**<u>કલાપરખ કસોટીનું અમલીકરણ</u>**

પ્રસ્તુત સંશોધનમાં કલાપરખ કસોટી અને ઉત્તરપત્ર અલગ વાપરવામાં આવે છે. ઉત્તરપત્ર પર કસોટીના ઉત્તર આપવાની સૂચના આપેલી છે. પ્રયોગપાત્ર એ ચિત્રની જોડો નિહાળી બે પૈકી કયું ચિત્ર તેમની દ્રષ્ટિએ વધુ સારું છે તે ચિત્રોનો ક્રમ A અને B ઉત્તરમાં તે માટે આપેલ વર્તુળ કરી દર્શાવવાનુ રહે છે. કસોટી પૂરી કરવા માટે કોઈ સમયમર્યાદા નથી, પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ ૨૫ થી ૩૦ મિનિટમાં કામ પૂરું કરે છે.

## માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે સંશોધકે પસંદ કરેલી શાળાઓના આચાર્યોનો સંપર્ક કરવા તેમની રૂબરૂ મુલાકાત લીધેલી હતી. પ્રથમ સંશોધનનો હેતુ સમજાવી કસોટીનો પરિચય આપ્યો હતો ત્યારપછી માહિતી એકત્રિત કરવા દેવાની મંજૂરી મેળવી હતી.

આચાર્યશ્રીએ મંજૂરી આપ્યા બાદ ચોક્કસ સમય ફાળવી આપેલ હતો. સંશોધક પોતે આચાર્યશ્રીએ ફાળવેલ સમયે ત્યાં માહિતી મેળવવા માટે હાજર રહ્યા હતા.

સંશોધકે નિશ્ચિત સમયે શાળાએ હાજર રહ્યા બાદ વિદ્યાર્થીઓને કલાપરખ કસોટીની માહિતી આપેલ. ઉત્તરપત્રોમાં ભરવાની જરૂરી માહિતીની વિગત સમજાવેલ અને ઉત્તરો કેવી રીતે આપવાના છે તે અંગેની તમામ જરૂરી સૂચનાઓ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરેલ હતી.

આ કસોટીના ઉત્તરો આપવા માટે વિદ્યાર્થીઓને ૩૦ થી ૩૫ મિનિટનો સમય લાગતો હતો.

અંતમાં સંશોધકે શાળાના વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ તેમજ અન્ય સહકર્મચારીઓનો આ કસોટી લેવાની મંજૂરી આપી સહકાર આપેલ તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## માહિતીનું પૃથ્થકરણ

પ્રયોજકે કલાપરખ પ્રશ્નાવલી દ્વારા મળેલી માહિતીનું ત્રિબિંદુ સ્કેલ પ્રમાણે ગુણાંકન કરીને દરેક પાત્રના કલાપરખ અંક મેળવવામાં આવ્યા હતા. ત્યારબાદ અભ્યાસમાં આવરાયેલા ચલો મુજબ માહિતીનું વર્ગીકરણ કરી તેના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

"બારમાં ધોરણના વિદ્યાર્થીઓ કુમારો અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય."

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનાના પાત્રોના જાતિયતા અનુસાર જૂથો પાડવામાં આવ્યા હતા. આ જૂથોના કલાપરખ પ્રાપ્તાંકોના તફાવતની સાર્થકતા તપાસવા માટે ટી-કસોટી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામો સારણી – ૧માં રજૂ કરેલ છે.

**સારણી ૧**

**જાતિયતા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય**

| ક્રમ | જાતિયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુમારો | ૧૫૧ | ૧૮.૯૦ | ૪.૮૭ | ૧.૪૧ | સાર્થક નથી |
| ૨ | કન્યાઓ | ૧૫૧ | ૧૮.૧૭ | ૪.૧૩ | | |

સારણી-૧ નું અવલોકન કરતા જણાય છે કે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૦૨ હતી. જેમાં ૧૫૧ કુમારો અને ૧૫૧ કન્યાઓ હતી. કુમારોના પ્રાપ્તાંકોની સરાસરી ૧૮.૯૦ અને કન્યાઓના પ્રાપ્તાંકોની સરાસરી ૧૮.૧૭ હતી. કુમારોનું પ્રમાણ વિચલન ૪.૮૭ અને કન્યાઓનું પ્રમાણ વિચલન ૪.૧૩ હતું. કુમાર અને કન્યાઓની સરાસરીના તફાવતનું ટી-મૂલ્ય ૧.૪૧ હતું જે ૦.૦૧ કે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થયો હતો.

**તારણો**

બારમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમાર અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**સંદર્ભસૂચિ**


- ઉચાટ,ડી.એ. (૨૦૧૨) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃતિ) રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઉચાટ,ડી.એ (૧૯૮૮). સંશોધનનું સંદોહન. રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઉચાટ,ડી.એ (૧૯૮૯-૨૦૦૬) સંશોધનનો સારાંશ. રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- દોંગા, એન. એસ (૨૦૧૨). અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેકનોલોજી. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.